**GJVD020274612019**

**<u>ગુ.મુ.નં.૨૨૫૯૦/૨૦૧૯</u>**

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

ચેરમેનશ્રી , જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ વ.મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની કચેરીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેટ સીટીંગનુ આયોજન કરવામાં આવેલ છે.

ફરીયાદીશ્રી ધ્વારા આ કામે આંક–૧ થી રજુ ખાનગી ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૨ ની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબ તા.૦૮.૦૭.૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે, ત્યારબાદ, આ કામના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ગુનાનું પ્રોસેસ કાઢવા હુકમ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક–૧ ની ફરીયાદમાં જણાવેલ સરનામે તેમજ ત્યારબાદ ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ સરનામે આરોપી ઉપર અવાર–નવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપી આંક–૧ ની ફરીયાદમાં જણાવેલ સરનામે/ તેમજ ત્યારબાદ રજુ કરેલ સરનામે મળી ન આવતા સમન્સ/ વોરંટ બીનબજે પરત ફરેલ છે.

વધુમાં રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા, અત્રેની અદાલત ધ્વારા આરોપી ઉપર પ્રોસેસની બજવણી કરવા ફરીયાદપક્ષને પુરતો અને વ્યાજબી સમય આપવામાં આવેલ હોવા છતા, ફરીયાદપક્ષ ધણા લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી કરાવવામાં નિષ્ફળ રહેલ છે. વધુમાં અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ધ્યાને લેતા, આવા ડેડ વુડ કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટે જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ

ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

દિપેશભાઈ વાલજીભાઈ પટેલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે હાલમાં તાજેતરમાં તા.૦૩/૦૫/૨૦૦૩ ના રોજના હુકમમાં ઠરાવેલ છે કે, નેશનલ લોક અદાલતના દિને યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં મેજીસ્ટ્રેટ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના કેસ હાથ પર લઈ તેનો નિકાલ કરી શકે છે. **તેમજ દિપેશભાઈ વાલજીભાઈ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય ૩જી મે ૨૦૨૩ ક્રિમીનલ અપીલ નં.૬૯૬/૨૦૨૩ ના કેસમાં ચર્ચા કર્યા મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેના ધણા ડેડવુડ પ્રકારના કેસો છે એવા કેસો સીઆરપીસીની કલમ-૨૫૬ મુજબ યોગ્ય નોટીશ કર્યા બાદ પુરા કરી શકાય તેમ છે.**

આ કામે પણ આગળ ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસસની બજવણી સબંધે તેમજ ફરીયાદીની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરાયેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયિક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. ફરીયાદીને નોટીશથી યોગ્ય તાકીદ કરવા છતાં ફરીયાદ આગળ ચલાવવા કોઈ યોગ્ય કાર્યવાહી કરતા ન હોય, તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**-: હુકમ:-**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ-૦૯-૦૯ -૨૦૨૩ નાં રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯-૦૯-૨૦૨૩
સ્થળ - વડોદરા.
જે.વી.કેસરિયા પી.એ.

**( એ. આર. પટેલ )**
CODE No. GJ00710
બીજા એડી. સીની.સીવીલ જજ,
અને એ.સી.જે.એમ., વડોદરા.